686

આદશ નિવાસી શાળા (વિ.જા.)માં
સ્ત્રી શિક્ષણ સહાયકોને પ્રસુતિની રજા
મંજુર કરવા અંગે.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંકઃસશપ–૧૪૦૬–૫૬૦–અ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ :– 2 4 JAN 2008

વંચાણે લીધોઃ–(૧)આ વિભાગના પત્ર ક્રમાંકઃસશપ–૧૪૨૦૦૨–૨૧૭–અ
તા.૨–૮–૨૦૦૨

(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃપીઆરઈ –૧૧૯૯ –ઈએમ –૧૦૭૩–ક તા.૨૨–૧૦–૨૦૦૩

(૩) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃબમશ–૧૧૨૦૦૨–૧૦૯૨–ગ તા.૫–૨–૦૫

(૪) નિયામકશ્રી (વિ.જા.ક) નો પત્ર ક્રમાંકઃવિજાક/મકમ/૦૬–૦૭/૯૯૮ તા.૮–૫–૦૬

(૫) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપીજીઆર –૧૦૯૮ –૧૭–મ તા.૮–૨–૯૮

(૬) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃખરચ–૨૦૦૨–૫૭–ઝ૧ તા.૧૬/૨/૦૬

ઠરાવઃ–

ઉકત વંચાણે લીધેલ ક્રમાંકઃ૧ ના પત્રથી વિકસતી જાતિ માટેની આદર્શનિવાસી શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતી કરવામાં આવેલ આ નિમણૂક પામેલ શિક્ષણ સહાયકોને પાંચ વર્ષસુધી માસિક ફીકસ પગાર ચુકવવામાં આવે છે. તથા કેજયુઅલ રજા સિવાય કોઈ રજા મળવાપાત્ર નથી.

વંચાણે લીધેલ ક્રમાંકઃ૪ ના પત્રથી સ્ત્રી શિક્ષણ સહાયકોને ઉકત વંચાણે લીધેલ ક્રમાંકઃ ૨ તથા ૩ ના અનુસંધાને વિકસતી જાતિ કલ્યાણ ખાતાની સ્ત્રી શિક્ષણ સહાયકને

મળવાપાત્ર દિન–૧૩૫ ની પ્રસુતિની રજાઓ મંજુર કરવા નિયામકશ્રી (વિ.જા.ક) એ કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે, વંચાણે લીધેલ નાણા વિભાગના તથા શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઈઓ ધ્યાને લઈ, આદર્શનિવારી શાળા (વિ.જા) માં ફરજ બજાવતા સ્ત્રી શિક્ષણ સહાયકોને દિન–૧૩૫ ની પ્રસુતિની રજાઓ મળવાપાત્ર થાય છે. તે બાબતને આથી મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવનો અમલ ઠરાવ રવાના થયાની તારીખથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧/૧૨/૦૭ થી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(બકુલ શાહ)
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
–નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર
–સર્વે નાયબ નિયામકશ્રી (વિ.જા.ક) ખાતું, ગાંધીનગર
–સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.ક) ખાતું ગાંધીનગર
–એ.જી.રાજકોટ/અમદાવાદ
–સર્વેજિલ્લા નિરિક્ષકશ્રી
–નાણા વિભાગ ઝ૧ શાખા સચિવાલય, ગાંધીનગર
–સિલેકટ ફાઈલ

ટીઆરવી–પેજ–૬૦